Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous Issue-28 | January – March 2017

# ભારતીય સાહિત્યમાં દલિત લેખિકાઓના સર્જનમાં આંબેડકરનો પ્રભાવ

"હયાતી" સામાયિકે "ભારતીય દલિત નારી લેખન" વિશેષાંક માર્ચ 2012માં પ્રગટ કર્યો હતો. આ સામયિકના તંત્રીશ્રી. હરીશ મંગલમની પારખું નજર અને દલિત સાહિત્ય અને દલિત સમાજ પરત્વેની તેઓનો દૃષ્ટિકોણ, સાહિત્યિક સમજ અને સ્વ-સમાજના અનુભવનો લાભ આ સામયિકને મળ્યો છે. આ વિશેષાંકના અતિથિ સંપાદકની ભૂમિકા ફારૂખ શાહે કરી છે.

ઈન્ફર્મેશન ટેકનોલોજી અને મલ્ટીકલ્ચર યુગમાં નારી જીવનના પ્રશ્ન આજે પણ ત્યાંના ત્યાં જ છે. પરીવર્તન થયું છે, પરંતુ એનો આનંદ ભારતીય સમાજ મનાવી શકે એ સ્થિતિમાં નથી. અહી બે પ્રશ્ન મારી સામે છે. સાહિત્યમાં નારીનું સર્જનકર્મ અને સાહિત્યમાં દલિત નારીનું સર્જનકર્મ. આ વિષય પર મોટો સેમિનાર થઈ શકે એમ છે. એનો આરંભ હયાતી સામયિકે કર્યો છે. આ અંકમાં ભારતના અનેક રાજ્યોની દલિત લેખિકાઓના સર્જનકર્મને સાહિત્યમાં લાવવાનો પ્રયાસ છે. આજે દલિત નારીએ હાથમાં કલમ પકડી છે.એના મૂળમાં અનેક મહાનુભાવો રહ્યા છે. જેમાં "ગૌતમ બુધ્ધે પહેલીવાર દલિત અને સ્ત્રીઓ માટે શિક્ષણના દ્વાર ખોલ્યા." (૧) **ગૌતમ બુધ્ધ** માનતા હતા કે : **સ્ત્રીઓની સ્થિતિ સન્માનપાત્ર હશે તો જ સમાજનો સ્વસ્થ વિકાસ થશે.** (૨) ત્યારબાદ **મહાત્મા જ્યોતિબા ફુલે** સામાજિક વિષમતાને નાબૂદ કરવા, ઈશ્વર અને ભક્ત વચ્ચેના દલાલોને નષ્ટ કરવા અને બધાને માટે શિક્ષણના દ્વાર ખોલવા વગેરે કાર્યક્રમો કર્યા. (૩) એમના પત્ની સાવિત્રીબાઈ ફુલે ભારતના પ્રથમ શિક્ષિકા તરીકે નિયુક્ત થયા. અને તેઓએ કન્યા શિક્ષણની શરૂઆત કરી હતી. આ એ (૧૯૩૫-૩૬) સમય હતો જ્યાં દલિત સ્ત્રીઓને સારા કપડાં પહેરવાનો અધિકાર ન હતો. (૪) **મહાત્મા ગાંધીજી** ૧૯૧૫મા દક્ષિણ આફ્રિકાથી આવ્યા બાદ અસ્પૃશ્યતા નિવારણ આંદોલન ચલાવ્યું હતું. પરિણામે દલિતોમાં ચેતનાનો સંચાર થયો હતો. જ્યોતિબા ફુલેની વિચારધારાને **બાબાસાહેબ આંબેડકરે** વેગ આપ્યો. બાબાસાહેબે મંત્ર આપ્યો કે "શિક્ષિત બનો, સંગઠિત થાવો અને સ્વ-હક્ક માટે ઝઝૂમો." આ વિચાર માત્ર દલિત-આદિવાસી, ક્ષમિક, શોષિત, પીડિત, દિન સમાજના લોકો માટે છે. જે પોતાના અસ્તિત્વ અને જીવન જીવવા માટે પરિક્ષમ કરે છે. બાબાસાહેબ આંબેડકર ભારતીય સંવિધાનના ધડવૈયામાં પ્રમુખ ભૂમિકા ભજવી એ આંબેડકર સાહેબને દલિતોના નેતા-મસીહા તરીકે જોનાર એક મોટો વર્ગ છે. એ લોકોએ હવે એમની માનસિકતાને બદલવી પડશે. વિશ્વના ઘણા એવા દેશો છે જે બાબાસાહેબની વિચારધારાને લઈને ચાલે છે. રાષ્ટ્ર માટે અને સ્વ-સમાજની ચિંતા સાથે પનારો પાળનાર બાબાસાહેબનું સૌથી મહત્વનુ યોગદાન પોતાના સમાજનો વિકાસ. એના જ પરિણામ રૂપે ભારતીય સાહિત્યમાં દલિત નારી સર્જન ક્ષેત્રમાં પગરવ કર્યો છે. ભારતીય સ્ત્રીની ઓળખ પિતા અથવા પતિના નામથી જ નોંધાય છે. (૫) એ ભારતીય નારી હવે અનેક સ્તર પર પોતાની પ્રતિભાનો પરિચય ભારતીય પુરુષ સમાજને કરાવ્યો છે.

અહી સ્ત્રીઓના અનેક પ્રશ્નો છે એમાંય દલિત સ્ત્રીઓના તો અનેક ઘણા પ્રશ્ન હોય એ સ્વાભાવિક છે. દલિત સ્ત્રી સામે અનેક પ્રશ્ન હોવા છતાંય એ આજે કલમ પકડી અને ખમતીધર સર્જન કરે છે. એ દલિત લેખિકાઓની ટૂંકીવાર્તા અને એમાંની સર્જનકલા જોઈએ.

**"મંગલી"** કુસુમ મેઘવાલની હિન્દી ટૂંકી વાર્તા છે. જેનો ગુજરાતી અનુવાદ પારૂલ સિંહે કર્યો છે. આ વાર્તાનું કથન કેન્દ્ર શાહુકાર દ્વારા આદિવાસી સમાજનું શોષણ છે. શાહુકાર, અધિકારી અને સવર્ણ સમાજ દ્વારા શ્રમિક, આદિવાસી અને દલિત સમાજનું આર્થિક, સામાજિક, શારીરિક શોષણ હમેશા થતું આવ્યું છે. જેનું પ્રતિબિંબ આ વાર્તામાં છે.

આ વાર્તાની નાયિકા મંગલીના પતિને તાવ આવ્યો છે. પરિણામે મંગલી પતિની સેવામાં વ્યસ્ત રહે છે. શ્રમિક સમાજની મોટી વિપદા અહી લેખિકા પકડે છે. પતિની સેવાને કારણે મંગલી કામ પર જઇ શકતી નથી. એક મોટો પ્રશ્ન અહી ઉપસીને આવે છે. મંગલી કામ પર જાય તો પતિની સારવાર અને ખાવાનું ક્યાંથી લાવે ? મંગલી પતિની સેવા કરવા ઘરે રહે તો ખાવાનું શું ખાય ? અંતે તો મંગલીએ કામ પર જવું પડે છે. શાહુકારને ત્યાં કામ કર્યા પછી મંગલી શાહુકાર પાસે રૂપિયા લેવા માટે જાય છે પણ એ મજૂરી આપવામાં જાણી જોઈને મોડુ કરે છે. બીજી બાજુ આખો દિવસ પતિને એકલો મૂકીને આવેલી મંગલીને પતિની ચિંતા થાય છે. એથીએ મજૂરી લીધા વિના સીધી દવાની દુકાને જાય છે. પતિની દવા માંગે છે. મંગલી પાસે દવાના 30 રૂપિયા હતા અને દુકાનદાર પૂરા રૂપિયા વિના દવા આપવા તૈયાર નહતો. મંગલી એ ખૂબ સમજાવ્યો અને ખૂબ કાલાવાલા કર્યા પણ દુકાનદારના પેટનું પાણી પણ ના હલ્યું. લેખિકા અહિયાં પતિ પરાયણ ભારતીય નારીની છબીને અસરકારક પણે ઉપાસવી આપી છે. ઘરે મંગલી પહોચે છે, ત્યાં પોતાના પતિને મૃત્યુ પામેલ જુવે છે. મંગલીને પતિની સેવા ન કરી શકી અને પતિને બચાવી ના શકી એનું દુખ છે. હવે ભારતીય પરંપરા પ્રમાણે મૃત્યુ પામનારની અંતિમ ક્રિયાકર્મ કરવાની હોય, પરંતુ મંગલી પોતાના પતિની ક્રિયાકર્મ ક્યાંથી કરે ? મંગલી પાસે ક્રિયાકર્મ કરવા માટે રૂપિયા નથી. શ્રમિક વસ્તીના લોકો પોતાની મજૂરીના રૂપિયામાંથી થોડા રૂપિયા ભેગા કરીને મંગલીના પતિની અંતિમ ક્રિયા કરે છે. લેખિકા પ્રસંગાનુંરૂપ અને જ્યાં જે કહેવા માંગે છે-એ સ્પસ્ટ કહે છે. લેખિકાએ અહી બે ચિત્રો મૂક્યા છે. એક અમીર અને બીજો વર્ગ છે ગરીબ. બે વચ્ચે રહેલી માનસિકતાને વ્યક્ત કરી છે. સામાજિક નિયમાનુંસાર બાર દિવસ શૌક રાખવાનો હોય ? અહી તો પતિનો શૌક પાડવો તો પડે જ. પણ મંગલી સામે તો એજ સવાલ છે કે કામ પર ન જાય તો ખાય શું ? વસ્તીના લોકો ક્યાં સુધી ખાવાનું આપે ? મંગલીને ફરજ પડે છે કામ કરવાની. મંગલી શૌકને છોડીને કામ પર જાય છે. અહી લેખિકા બ્રાહ્મણવાદી માનસિકતાને લપેટમાં લે છે. જેની નોંધ લેવી જોઈએ.

મંગલી કામ પર જાય છે. ત્યાંથી કથાનકનું વહેણ બદલાય છે. મંગલીને શાહુકાર કહે છે કે : "કાલે ક્યાં મરી ગઈ હતી ?" અહિયાં લેખિકાએ જમીનદારની વિકૃતિને અભિવ્યક્ત કરવા બંને પાત્રો વચ્ચે સંવાદ રચે છે. શાહુકાર મંગલીના દુ:ખમાં સહભાગી બનીને પોતાના મનની વિકૃતિને પાર પાળવા પોતાના જીવનની વાત કરે છે. લેખિકાએ શાહુકારના જીવનને પીઠ ઝબકાર પધ્ધિતિનો વિનિયોગ કરીને પૂર્વ બનનારી ઘટનાની ભૂમિકા રચી આપી છે. શાહુકાર લગ્ન થઈ ગયેલા હતા. એની પત્ની મૃત્યુ પામેલી છે. એની બે છોકરીઓ છે. જેના લગ્ન થઈ

ગયેલા છે. દીકરી સાસરે છે અને શાહુકાર એકલો છે. શાહુકારના આગામી કાર્યને મનોવૈજ્ઞાનિક રીતે મૂકી આપે છે. અહી શાહુકારને એક મોકો મળી જાય છે મંગલીને પોતાની માયાવી મોહમાં ફસાવવાનો. અને એમાં શાહુકાર સફળ થાય છે. મંગલીને સહાનુભૂતિ આપીને એને રહેવા માટે ઘર અને બંગલાનું કામ આપે છે. શાહુકારના મનમાં વાસનાનો કીડો આકરીત થાય છે, એ હવે અવકાશ શોધે છે વાસનાને ઠારવવા માટે. શાહુકારને મંગલી પોતાના પ્રપંચમાં પૂર્ણ પણે ફસાઈ ગઈ છે એની ખાત્રી થાય છે, એક રાત્રે શાહુકારને મોકકો મળી આવે છે. મોકાનો લાભ લઈને શાહુકાર મંગલીની લાજ લેવાનો પ્રયાસ કરે છે. મંગલી એનો વિરોધ્ધ કરે છે પણ શાહુકાર તો વાસનામાં અંધ બની ગયો છે અને મંગલીની વાતને અવગણીને મંગલીની ઇજ્જત લૂટવા આગળ વધે છે. મંગલી પોતાના શીલની રક્ષા કરવા શાહુકારની સાથે લડે છે. અહી લેખિકાની સર્જક્તાનો લાભ ટુંકીવાર્તાને મળે છે. પ્રસંગને અનુરૂપ સંવાદકળા અને બંને પાત્રોના વાણી, વર્તન અને વ્યવહાર ઘટનાને મજબૂત બનાવે છે. અહી બંને પાત્રોની માનસિકતાને લેખિકા ઉજાગર કરીને સવર્ણસમાજના વાસ્તવિક ચહેરાને વિશ્વ સામે લાવવાનો પ્રયાસ કર્યો છે. ગરીબ આદિવાસી પ્રજા પાસે માત્રને માત્ર સ્વમાન છે એ એમની ઇજ્જત. ઇજ્જત માટે કોઈનો પ્રાણ લેવો કે પ્રાણ આપવા તૈયાર હોય છે. અહી લેખિકાએ અસરકારક સંવાદ આમ આપે છે. –

“ ખબરદાર, મને હાથ લગાવવાનો પ્રયાસ ના કરતો, હું પરણિત છું.”

મંગલીની ચેતવણીને નજર અંદાજ કરીને એ શાહુકાર પોતાની વાસનાને તૃપ્ત કરવા મંગલીને ફોસલાવવાનો પ્રયાસ કરતાં કહે છે -

“....અહી કાનોકાન કોઈને ખબર નહીં પડે, તું તારા ક્વાટ્રસમાં રહીશ અને હું મારા બંગાળમાં. રાત્રે મળતા રહીશું, તારું પણ કામ થઈ જશે અને મારૂ પણ.“

સવર્ણવાદી માનસિક વિકૃતિનું આનાથી વિષેશ વર્ણન શું હોય શકે ? ત્યારે મંગલી કહે છે કે :

“ હું ભીલની દીકરી છું. જંગલમાં લાકડા કાપતા કાપતા છોકરાને જન્મ આપે, એની નાળ કાપે છે અને બાળકને ઘરે લાવે છે. અહીથી આગળ વધવાનો પ્રયાસ ના કરતો, નહીં તો હું જાનથી મારી નાખીશ.”

અને મંગલી ચૂલામાંથી સળગતું લાકડું લઈને શાહુકાર પર વાર કરે છે. અહી નારીનો પ્રશ્ન તો છે જ પણ ભારતીય દલિત નારીની વાસ્તવિકતાને બહાર લાવવાનો પ્રયાસ દાદ માગી લે છે.આ નાયિકા તો આદિવાસી સમાજની છે. આ ટૂંકીવાર્તાને આદિવાસી સાહિત્ય, નારી સાહિત્ય, દલિત સાહિત્યમાં મૂકી શકીએ, અને નારી ચેતના કે નારીવાદી કૃતિ તરીકે પણ ઉલ્લેખ કરી શકીએ. જે હોય એ પણ નારી જીવનની વાસ્તવિકતાને લેખીકાએ અભિવ્યક્ત કરી છે. નારીના શારીરિક શોષણમાં પુરુષસમાજ અને એમાંય સવર્ણ સમાજના પુરૂષોને અહી ઉઘાડા કર્યા છે.

અહી સૌથી મોટી એ વાત છે કે આ વાર્તા દલિત નારી દ્વારા રચાયેલ છે. સ્વ-સમાજની પીડાની વાત પિંડની વ્યક્તિ જ અસરકારક રીતે કહી શકે. અહી દલિત લેખિકા દ્વારા રચાયેલી વાર્તા માત્ર કથા જ નહીં, પણ કલાત્મક અભિવ્યક્તિ કરી છે. આ વાર્તાનું કથાનક, ચરિત્રચિત્રણ, સંવાદકળા – રચનારીતિ, વસ્તુ સંકલના, વર્ણન કળા

પરનું પ્રભુત્વ અને સૌથી વિશેષ તો લેખિકાએ જે કહેવું છે એ ખૂબ ચોટદાર રીતે કહ્યું છે. આ પ્રતિભા દલિત સમાજમાંથી આવીએ જ મોટી ઉપલબ્ધિ છે. અહી "છગનને ના સમજાતા સવાલ" જોસેફ મેકવાનની ટૂંકીવાર્તાને યાદ કરી શકાય.

**"બીજ બેંક"** અનીતા ભારતીની હિન્દી ટૂંકીવાર્તાનો અનુવાદ ફારૂખ શાહે કર્યો છે. ઇન્ફોર્મેશન ટેકનૉલોજી યુગમાં અનેક કંપનીનું અસ્તિત્વ થયું છે. કંપની આવવાના ફાયદા થયા છે તો બીજીબાજુ કંપનીના ખપ્પર સામાન્ય પ્રજા કેવી હોમાય છે- એનું ચિત્રણ આ ટૂંકીવાર્તાનું કથાનક છે.આજે તો કંપનીઓ પ્રત્યેક ક્ષણે નવી પ્રોડક્ટ માર્કેટમાં મૂકે છે. કંપની અને કંપનીની નવી પ્રોડક્ટ બહાર આવે છે એ સમયમાં શું થાય છે એ આ વાર્તાના કેન્દ્રમાં છે. આ વિષયના માધ્યમ વડે લેખિકાએ શ્રમિક, આદિવાસી, દલિત, ખેડૂત સમાજનો કઈ રીતે ભોગ લેવાય છે એની અભિવ્યક્તિ કરી છે.

આ વાર્તાનો નાયક દલિત સમાજનો શિક્ષિત વર્ગનો નવયુવાન છે. એ સરકારી કે અન્ય કોઈ નોકરી કરવાને બદલે દલિત સમાજના વિકાસની સાથે ગામનો ઉધ્ધાર કરવાની મનસા રાખીને ગામની ખેતીમાં આધુનિક પ્રયોગ કરવા માંગે છે. એ સરકારી યોજનાઓ ગામડા સુધી પહોચતી નથી, એ યોજનાને જાણે છે અને સમજીને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપે છે. અહી સુધી કથાનો પ્રવાહ સીધી ગતિએ ચાલે છે. મહેતા 'સુપર્વ બીજ કંપની"નો મેનેજર છે. એ ગામનો સર્વે કરીને ગામ પર પોતાનું આધિપત્ય સ્થાપિત કરવા માંગે છે. એ મોહનને કંપનીથી ખેડૂતોને કેટલા ફાયદા થશે. મહેતા શબ્દોની માયાજાળમાં વાર્તા નાયકને અને ખેડૂતોને ફસાવે છે. મગરું ચમાર મહેતાની લોભામણી વાતોને પામી જાય છે. અહી લેખિકા એ ખુબજ સાવધાનીથી અસ્પૃશ્ય સમાજની વાતને ગૂંથી લે છે. ગામનો લોકપ્રિય અને એની વાત પર વિશ્વાસ રાખી શકે એવો દલિત યુવક મોહન મહેતાની હાથ લાગતા જ એ કંપનીના ડાયરેક્ટર સાથે મિટિંગ ગોઠવે છે. ડાયરેક્ટર રોઝર મોહનને કંપની દ્વારા થનાર લાભની લોભામની વાતોથી પ્રભાવિત કરે છે. અને કહે છે કે કંપની પહેલા વર્ષે મફત ઉચ્ચ ઉત્પાદન વાળું બીજ ખેડૂતને આપશે, પણ બીજા વર્ષે બીજ ખેડૂતે ખરીદવું પડશે. અહી બે વાત કરી શકાય. શું આપણે આપની જૂની પરંપરા પ્રમાણે ખેતી કરવી કે વિજ્ઞાન દ્વારા જે સંશોધન થયા એ પ્રમાણે ખેતી કરવી. સાંપ્રત સમયમાં આ પ્રશ્ન ખૂબ મોટો છે. ઉત્પાદન વધારવા માટે જે અખતરાઓ થાય છે. એ ખરેખર દેશના વિકાશ અર્થે છે ખરો ? ઉત્પાદન વધારવાના મોહમાં જમીનને કેટલું નુકશાન થાય છે - એ જોવું જોઈએ. આ ખેડૂતો વિચારે છે કે કંપની કેમ પહેલા વર્ષે મફતમાં બીજ આપે ? બીજા વર્ષે શા માટે બીજના રૂપિયા લેવાની વાત કરે છે ? પણ કેટલાક એવા ખેડૂતો હતા જે મફતમાં મળતું ટામેટાંનું બીજ લઈને ખેતી કરે છે. ટામેટાંનું ઉત્પાદન ખૂબ થાય છે. પરંતુ માર્કેટમાં મંદી હોવાને કારણે ટામેટાનો જોઈએ તેવો ભાવ મળતો નથી.

મોહનના મિત્રે ખેતીમાં ખૂબ રોકાણ કર્યું હતું. પરંતુ માર્કેટમાં ભાવ ના મળવાને કારણે આત્મહત્યા કરે છે. લેખિકાએ અહી ભારતીય ખેડૂતના પ્રશ્નને છંછેડ્યો છે. એ મૃત્યુ પહેલા ચિઠીમાં લખે છે કે : કંપની પોલિસીથી સાવધાન રહશો. મોહનની પ્રત્યેક વાતને ટેકો આપનાર ગામના લોકો મોહનના મિત્રના મૃત્યુથી વિચલિત થઈ જાય છે. કંપનીની વાત પર હવે ગામના લોકોને ભરોસો રહેતો નથી. છતાંય ગામના લોકોને મોહન પર ખૂબ વિશ્વાસ છે. લોકો માને છે કે મોહન ખેડૂતો માટે કોઈ રસ્તો કાઢશે. કથાનક હવે ભારતીય સાહિત્યની જેમ સુખાન્ત

તરફ ગતિ કરે છે. મોહન ગામના લોકો દ્વારા જ ચાલે એ પ્રમાણેની બીજ બેંક ચાલુ કરે છે. ખેડૂતો દ્વારા બીજ બેંક ચાલુ થાય તો સીધો ફાયદો ખેડૂતોને થાય આર્દશ વાદી વિચાર ધ્યાન ખેચે છે.

ગ્રામીણ પરિવેશ અને ખેડૂતોના પ્રાણ પ્રશ્નની સાથે જ નવી ટેકનૉલોજીથી થનારા નુકશાનની વાત લેખિકા કરે છે. અહી લેખિકા મોહનને મોહન (કૃષ્ણ) બનાવવાનો પ્રયાસ કરે છે. હા, વિષયનું નાવીન્ય  ધ્યાન ખેચે છે. દલિત સાહિત્ય હવે દલિત પીડામાંથી બહાર આવીને દેશ અને ખેડૂતના પ્રશ્નની વાત કરે છે. આ દેન પાછળ બાબાસાહેબનું યોગદાન મોટું છે.

“**પરસેવાની છાપ**“ સારા જોસેફની મલાયમ ટૂંકીવાર્તા છે. જેનો ગુજરાતી અનુવાદ ફારૂખ શાહે કર્યો છે. અનામતનો લાભ કઈ રીતે અનામત વાળાને ના મળે એ આ વાર્તાનું કથાનક છે. સવર્ણ સમાજ કે પદાધિકારીઓ દ્વારા દલિત, આદિવાસી અને ક્ષમિક સમાજનું કઈ અને કેટલી રીતે શોષણ થાય એનામાં જ રત હોય છે. આ ત્રણેય વર્ગના સવર્ણ સમાજ પશુના જેવા બની ગયા છે. ખરેખર આ ત્રણેય વર્ગના લોકોને માણસ કહેતાય શંકોચ થાય છે.  એની સાક્ષી ભારતીય પુરાણો અને ઇતિહાસ પુરે છે. તો શું આજે વર્ગ કે વર્ણ ભેદની માનસિકતા બદલાઈ છે ? ના, આજે બધુ બદલાયું હોત તો નારી, દલિત અને આદિવાસી સાહિત્ય અલગથી આવ્યું ના હોત. પહેલા ખૂલે આમ અપમાન, અવગણના થતી  હતી, આજે મનુની માનસિક વિકૃત વિચારધારાને ધારણ કરેલા સવર્ણ સમાજની નસેનસમાં મનુ બ્રાંડનું ઝેર વ્યાપેલું છે. એ ઝેરને ઊતારવું અશક્ય છે. આ નબડી માનસિક વિચારધારા સામે બાબાસાહેબે રણશિંગુ ફૂક્યું હતું. અને દલિત સમાજને કહ્યું કે : “ શિક્ષિત થાવ, સંગઠિત થાવ અને હક્ક માટે લડો.” એના ફળ સ્વરૂપે આજે કઈક અંશે દલિત સમાજ સન્માનિય સ્થિતિમાં છે. પણ એનો વ્યાપ કેટલો ? આ પણ મોટો પ્રશ્ન છે, ઉચ્ચ સ્થાન પર બેસેલા દલિત કે આદિવાસી સમાજના વ્યક્તિને પુછો તો સમજાશે કે આ લોકોને પદ તો મળ્યું પણ અધિકાર ના મળ્યો. જેનું ઉચ્ચારણ  “**શુશીલ શિંદે**” (દિવ્ય ભાસ્કર, દૈનિક સમાચાર,ગાંધીનગર)કરે છે. શા માટે આજના યુગમાં આ વાત કહેવી પડી ?  બાબાસાહેબના જીવનને જોશો તો પણ વાસ્તવિક ચિત્ર સમજાય જશે. આ વસ્તુ આજના સમયમાં એટલી જ પ્રસ્તુત છે.

આ વાર્તાની નાયિકા SSLC માં ડિસ્ટીકશન સાથે પાસ થઈ છે. તેને કોલેજમાં એડમીશન  માટે ફોર્મ ભર્યું છે. પરંતુ એને પ્રવેશ ઓપન કેટેગરીમાં નહીં પણ રિઝર્વેશનમાં એડમીશન મળે છે. આ જાણીને ખૂબ દુ:ખ થાય છે. અને એ ચંદ્રિકાદીદીને વાત કરે છે. ત્યારે ચંદ્રિકા કહે છે કે :

**“ તને ઓપનમાં એડમિશન મળે પછી કઈ રીતે તને રિઝર્વેશનમાં એડમીશનમાં આપ્યું. તું કમ્પ્લેન કર. “**
વાર્તાનું કથાનક અહીથી થાય છે. આક્રોશ એ દલિત સાહિત્યનું સૌંદર્ય શાસ્ત્ર છે. કોઈ પણ વ્યક્તિને સ્વ-સન્માન અધિક પ્રિય હોય, અને હોવું જોઈએ. આ વાતને બાબાસાહેબ આંબેડકરે કરી હતી. પરંતુ આજે પણ આ ખૂબ મોટો પ્રશ્ન છે કે : શું દલિતોને સન્માન મળે છે ખરો ? સવર્ણ સમાજ તો પોતાની કુટિલતાનું પ્રમાણ હમેશા આપતી છે. જેના રિપોર્ટ ટીવી સમાચાર અને દૈનિક સમાચાર પત્રોમાં જોવા મળે છે. અહી  અધિકારી વર્ગ, સવર્ણ સમાજ અને એડમીશન કમિટીએ એડમીશનના નિયમોને તોડીને વાર્તાની નાયિકાને  ઓપનમાં એડમીશન આપ્યું છે. ચંદ્રિકા વાર્તાની નાયિકાને કહે છે કે તારે ન્યાય માટે, સ્વ-સન્માન માટે સ્વ-સમાજ માટે, માનવીય અધિકાર માટે

ન્યાય માટે તારે લડાઈ કરવી જોઈએ. આ વિચારધારાના મૂળમાં બાબાસાહેબ રહ્યા છે. વર્ષોથી દબાયેલી કચડાયેલો દલિત સમાજ જ્યારે આગળ આવે છે ત્યારે કઈ રીતે તેઓના વિકાસને રોકીને દલિત સમાજને જ્યાં છે ત્યાંજ રાખવાની વ્યવસ્થિત ચાલને લેખિકાએ અહી ખૂલી પાડી છે. વાર્તાની નાયિકા એડમિશન કમિટી પાસે જાય છે. લેખિકાએ અહી કમિટીના સદસ્ય અને વાર્તાની નાયિકા વચ્ચે સંવાદકળાનો પ્રયોગ કરીને સવર્ણ સમાજની માનસિક વિકૃતિને આમ  નિરૂપે છે. –

" સિંહ સામે બકરી બધુ ભૂલી જશે. "
" તારે આ પ્રકારની ફરિયાદ કરવાની જરૂર નહોતી, આમ કરવાની હિમ્મત જ કેમ કરી ? આખરે તારે અહી જ ભણવાનું છે. અમે જ ભણાવવાના છે. અમેજ. "
" મેરિટમાં હોય કે રિઝર્વેશન શું ફેર પડે ? એડમિશન તો મળ્યું છે ને ? "

અહી સવર્ણ સમાજ દ્વારા આચરવામાં આવતી  સામ, દામ, દંડ અને ભેદની નીતિમા સવર્ણવાદી મનની નબડી માનસિકતાને લેખિકાએ ખૂબ સરસ રીતે પકડીને તેનું કલાત્મક નિરૂપણ કર્યું છે. અહી દલિત સમાજના માનવીય અધિકાર પણ છીનવાઇ જાય છે. દલિત સમાજના વ્યક્તિને માનવ તરીકેની ઓળખને ભૂસવાનો  એક કુ-પ્રયાસ થાય છે. એ લોકો એવું માને છે કે દલિતો ક્યાં શિક્ષિત થયા છે ? એમનામાં એવી સમજ જ ક્યાં છે કે પોતાનો હક્ક માંગશે ? દલિતોને શિક્ષણથી વંચિત રાખવાની સવર્ણસમાજની ચાલ- અહી જોવા મળે છે. દલિત શિક્ષિત બને ત્યાં જ સવર્ણોને વાંધો છે. લેખિકાએ એજ કોલેજમાં અભ્યાસ કરાવતા દલિત અધ્યાપકની આળ કથાવસ્તુનો વિનિયોગ કરીને દલિત સમાજનો વ્યક્તિ ઉચ્ચ હોદ્દા પર બેસે છે તો સવર્ણોને કેટલો રોષ છે એ નિરૂપે છે. અહી **જયંત ગાડીત**ની "**બદલાતી ક્ષિતિજ** " નવલકથાનો નાયક યાદ આવી જાય,આ કૃતિમાં  સવર્ણ સમાજના મુખે બોલાયેલ સંવાદ જુઓ  " **લો હવે આપણા છોકરાઓને વાધરીઓ ભણાવાશે.**" સવર્ણ સમાજના લેખક દ્વારા મુકાયેલ સંવાદ ઘણું બધું કહી જાય છે.

આ કથાનકને આધારે દલિત લેખિકાની માનસિક વિચારધારામાં આવેલા પરીવર્તન અહી જોવા મળે છે. એના કેન્દ્રમાં બાબાસાહેબ રહ્યા છે. માત્ર ઘરમાં બેસી રહેતી દલિત સ્ત્રી હવે સવર્ણવાદી વિચાર ધારાને સમજે છે અને તેનો પ્રતિકાર કરવા પ્રતિબધ્ધ છે. લેખિકા વિષય વસ્તુની દ્રષ્ટિએ જુદા પડે છે. વાર્તાનો આરંભ ઉચિત પણે કરીને કથાનકને લેખિકાએ વિકસાવ્યો છે. ટૂંકીવાર્તામાં લેખિકાની સર્જન કળાનો એહસાસ વાચકને થાય છે.

ઉર્મિલા પવારની "**પ્રશ્ન**" મરાઠી ટૂંકીવાર્તાનો અનુવાદ ફારૂખ શાહે કર્યો છે. અ કૃતિ અણી શુધ્ધ દલિત વાર્તા છે. આ વાર્તાના કથાનકમાં વાલ્મીકિ સમાજ રહ્યો છે. સ્વ-સમાજની પીડા, વેદના, દુ:ખ સ્વ-સમાજના સર્જક જ આપી શકે. એનું ઉત્તમ ઉદાહરણ આ વાર્તા આપે છે.

સફાઈ કરતાં કોઈ લોકને જુવો તો તરત જ એ વર્ગની ઓળખ સવર્ણ સમાજ સામે આવી જાય. મનુષ્યને મનુષ્યના ખાનામાંથી કાઢી નાખવાની સવર્ણ સમાજની ચાલ દલિત સમાજને કેવી પીડા આપે છે એ માત્ર દલિત કહી શકે. પુરાણ સમયથી પ્રશ્ન ઉદભવેલ આજે પણ ત્યાંનો ત્યાંજ છે. સાધુ, સંત, ઋષિ-મુનિ, જ્યોતિબા ફૂલે, બાબાસાહેબ કે મહાત્મા ગાંધીજી અનેક મહાનુંભાવોએ પ્રયાસ કર્યા છે. પરંતુ દૂ:ખ સાથે કહેવું પડે છે કે આજે પણ

દલિત, આદિવાસી અને ક્ષમિક સમાજ ત્યાંનો ત્યાં છે. જે પરીવર્તન થયા છે એ હાસીયામાં છે. એ વસ્તુને અસરકારક રીતે આ ટૂંકીવાર્તામાં નિરૂપાયું છે.

સુવર્ણ મહોત્સવ નિમિત્તે સફાઈ કર્મચારીઓનું સરકાર દ્વારા સન્માન કરવાનું છે. સુદામનું નામ આ સન્માનની યાદીમાં છે એટલે એ મૂંઝવણમાં છે કે ત્યાં કયા કપડાં પહેરીને જવું ? અહી લેખિકા પાત્રનું નામ સુદામો રાખે છે ત્યારે એ સ્વયં સ્પષ્ટ છે કે પૌરાણિક સમયના સુદામાનો ઉદ્ધાર થવાનો છે કે કારણ કે એ સુદામો બ્રાહમણ જાતિનો છે, પણ આ દલિત સમાજનો સુદામો છે. લેખિકાનો માર્મિક કટાક્ષ અસરકારક પણે અભિવ્યક્ત થયો છે. પૌરાણિક પાત્રના નામનો ઉચિત પ્રયોગ સર્જકની પ્રતિભાને ઉપાસવી આપે છે. આ સુદામો તો ઝાડુ લઈને સફાઈ કરે છે. જ્યાં ખાવાના પ્રશ્નમાં જીવન ખર્ચી જતું હોય, ત્યાં કપડાં કે મકાનની વાત તો જોજન દુર કહેવાય. પરંતુ આ સન્માન સભામાં સારા કપડાં તો પહેરવા પડે.સુદામો  કપડાં કયાંથી લાવે ? લેખિકાએ અહી પિતા-પુત્ર વચ્ચે સંવાદ રચીને દલિત સમાજની વાસ્તવિકતાને ઉજાગર કરે છે. લેખિકા બે પેઢી વચ્ચેના સમાજની ખાઈને આલેખે છે. જૂની પેઢી નતમસ્તકે પડ્યો બોલ ઝીલી લેતા હતા. પરંતુ આજની પેઢીમાં આક્રોશ અને બળાપો છે. જેનું અનુસંધાન લેખિકા વાર્તાન્તે કલાત્મક રીતે કરે છે. લેખિકાએ પીઠ-ઝબકાર પધ્ધતિ વડે કથાને ગતિ આપે છે. અહી વાલ્મીકિ સમાજના ખરેખરા ચહેરાને વિશ્વ સામે મૂકે છે. સુદામાનો મિત્ર ગટરના ચેમ્બરમાં ઉતરે છે. ચેમ્બર જામ થયેલુ હોવાથી એમાંથી આવતી દુર્ગંધને કારણે એનું મૃત્યુ થાય છે. અહી અધિકારી, પોલીસખાતું અને દવાખાનાના અધિકારી સમાજના કહેવાતા ઉચ્ચ વર્ગના લોકો દ્વારા નબડા સમાજનું શોષણ કરવામાં આવે છે. આ હત્યાને આત્મહત્યામાં ખપાવી દેવામાં આવે છે. દલિત સમાજની નકરી વાસ્તવિકતાને લેખિકા પકડે છે અને માર્મિક પણે ટૂંકીવાર્તામાં આલેખે છે. આ વ્યક્તિ પાસે નવા કપડા હતા. એ માંગીને સુદામો સન્માન સભામાં જવાનું વિચારે છે.

લેખિકા દલિત સમાજના વ્યક્તિઓ પાસે ચર્ચાલાપ કરીને સવર્ણ સમાજ અને કહેવાતા ઉચ્ચ અધિકારીઓનાં કાળા કરતૂતોને બહાર લાવે છે. દલિત સમાજના વ્યક્તિ કહે છે કે- પહેલા માન આપશે અને કાલે ફરી ઝાડુ પકળાવી દેશે. માટે આવા સન્માન નો બહિષ્કાર કરવો જોઈએ. પણ અધિકારીને કહે કોણ ? સુદામાને સમજાતું નથી. અહી લેખિકા પીઠ-ઝબકાર પધ્ધતિનો પ્રયોગ કરે છે. અને સુદામાના જીવનને મૂકે છે. સફાઈ કરીને દાંપત્ય વિતાવ્યું એક પુત્રના લગ્ન કરાવ્યા પણ એ દીકરો સફાઈનું કામ કરવા માંગતો નથી. અહી સર્જક બે વિચારધારા દર્શાવીને દલિત સમાજમાં આવેલી જાગૃતિની વાત કરે છે. વર્ષોથી દબાયેલો સુદામાનું પરીવર્તન અહી જોવા મળે છે અને એ સન્માન સમારંભનો બહિષ્કાર કરવો જોઈએ એવું માને છે.

દલિત સાહિત્યના સૌંદર્યશાસ્ત્ર પૂર્ણપણે અનુસરતી આ રચના છે. બળવો અને વિદ્રોહ આ કૃતિમાં જોવા મળે છે. પાતળું કથાવસ્તુને ઔચિત્ય સભર રીતે કથાનકને વિકાસવીને લેખિકાએ ધાર્યું તીર ફેકે છે. ત્યાં જ સર્જકની પ્રતિભા જોવા મળે છે. કથામાં આવતા પાત્ર, પ્રસંગ, ઘટનાનું નિરૂપણમા લેખિકાની છબી જોવા મળે છે.

**“એમ.પી.ટી.સી.રેણુકા** “ જુપકા સુભદ્રાની આ તેલગુ ભાષામાં લખાયેલી ટૂંકીવાર્તાનો અનુવાદ ફારૂક શાહે કર્યો છે. નારી શક્તિ જ્યારે બહારે આવે છે ત્યાં પુરુષસમાજ સામે કેવા પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ કૃતિમા નારી

પુરુષ સમાજ સામે ત્યાં જ ખૂબ મોટી સમસ્યા પુરુષ વર્ગને થાય છે. પરંતુ અહી તો દલિત નારી સવર્ણ સમાજ સામે આવે છે. ત્યારે કેવા પ્રશ્ન ઊભા થાય છે એ આ કૃતિનું કથાનક છે.

રેગોંડા મંડળ કાર્યાલયમા "સર્વ સભ્ય સમાવેશક સભા" ભરાય છે. કૃતિનો આરંભ અહીથી થાય છે. આ સભામાં જીવનના પ્રાણ પ્રશ્નની ચર્ચા કરે છે જેમાં પાણી, લાઇટ અને ખેતી પ્રમુખ વિષય છે. જે આજે પણ એટલા જ પ્રસ્તુત છે. રેણુકા પોતાના ગામના પ્રશ્નની વાત કરે છે. અને ફરિયાદ પણ કરે છે કે અમને તો મિટિંગની જાણ ય કરવામાં આવતી નથી. આ સભામાં ત્રીસ સદસ્ય છે. જેમાં માત્ર ચાર જ સ્ત્રી છે. એમાય રેણુકા નિમ્ન સમાજની છે. રેણુકા સભામાં પ્રશ્ન કરે છે ત્યારે સભા અધ્યક્ષ લિંગપ્પાંને ખોટું લાગે છે કે- નિમ્ન સ્તરની સ્ત્રી કઈ રીતે સવર્ણ સમાજના અધ્યક્ષને ફરિયાદ કરે ? લિંગપ્પાં રેણુકાને આકરા શબ્દોમાં ખખડવી નાખે છે. સભામાં સદસ્યો કોલાહલ કરે છે. અધ્યક્ષ શાંત રહેવાનુ સૂચન કરે છે. રેણુકાના સવાલોને સખત શબ્દોમા વખોડી નાખે છે. એટલુજ નહીં પણ તેનું અપમાન કરી નાખે છે. લેખિકા અહી નારી અપમાનની સાથે દલિત સમાજના અપમાનને અભિવ્યક્ત કરે છે. પુરુષવાદી અને સવર્ણવાદી વિચારધારાને અસરકારક રીતે સર્જક પકડે છે એનો ઉપયોગ કૃતિની ભૂમિકામાં કરે છે. એનું અસરકારક વર્ણન નીચેના સંવાદમા જોવા મળે છે.

**"તમે બીજાને કઈ કહેતા નથી. પણ મને જોઈને જ તમારી આંખો રાતી કેમ થઈ જાય છે ?**
મજૂરી કરનારા આ ગામમાં આવીને રાડારાડી કરે એ સારું ન ગણાય."
તમે કોણ છો મને ઘરે બેસવાનું કહેનારા ? શું રાજકારણ તમારા મા-બાપની જાગીર છે ? તમે અધ્યક્ષ છો, પણ મારો હોદ્દો ય ઓછો નથી."

સભા સદસ્ય લીંગપ્પાં અને રેણુકા વચ્ચે ચાલતા સંવાદની મજા માણે છે. લિંગપ્પાનું આવું અપમાન એના માટે અસહ્ય હતું. એમાય એક નિમ્ન સ્તરની સ્ત્રી ભરી સભામાં અપમાન કરે ? આ લિંગપ્પાં માટે અસહ્ય હતું. એ રેણુકાનું ભારોભાર અપમાન ભરી સભામાં કરે છે. અહી ગુજરાતી અનુવાદ કરનારે "ધધડાવી નાખી" શબ્દનો પ્રયોગ કર્યો એ ઉચિત લાગતો નથી અહી ખખડવી નાખી શબ્દ ઉચિત લાગત. લિંગપ્પાંએ રેણુકાનું કરેલું અપમાન રેણુકા માટે અસહ્ય હતું. "સ્વ" પર નો પ્રહારનો આકરો જવાબ આપવાનું વિચારે છે. લેખિકાએ ઉચિત સમયે પીઠ ઝબકાર પધ્ધતિનો પ્રયોગ કરીને રેણુકાના અતિતને આલેખે છે. ઔરુગૌંડા ગામની રેણુકા પાંચમું ભણેલી છે. નાની વયે લગ્ન થયા, એક પુત્રીની માતા છે. ત્યાર પછી તેના પતિનું અવસાન થયું હતું, રેણુકાએ દીકરીના લગ્ન કરાવ્યા. સોસગૌંડા ગામમાં સરપંચની સીટ એસ.સી. સ્ત્રી માટે અનામત હતી. પુત્રી પછી એકલી પડેલી રેણુકા સરપંચની ચૂંટણી લડે છે. એ ગામનો ઉપ સરપંચ મોહન રેડ્ડી પડ્યો બોલ ઝીલી લે તેવી સ્ત્રીને મૂકવા માંગતો હતો. પણ ગામ લોકો રેણુકાનું સૂચન કરે છે. રેણુકા સદસ્ય બને છે, તેનું કદ વધે છે, જે તેના માટે આફત બને છે. અહી નીતિ-અનીતિ વચ્ચે ખેલ ખેલાય છે. રેણુકાને ગામના વિકાસની સાથે ગામમાં શિક્ષણ પરત્વે વિશેષ રસ છે. મોહન રેડ્ડી રેણુકાના વધતાં જતાં કદ ને કાપવા અને તેને અટકાવવાની વેતરણમા પડે છે. એ લિંગપ્પાંને દારૂ પીવડાવીને રેણુકા વિરુધ્ધ કાન ભંભેરણી કરે છે.

લિંગપ્પાંના ત્રાસથી કંટાડીને રેણુકા પોલીસમાં ફરિયાદ નોંધાવે છે. પરંતુ પોલીસ ફરિયાદ નોંધતા નથી. ઊલટાનું રેણુકાને જ પોલીસ હેરાન કરે છે. અધિકારી અને સવર્ણ સમાજનાત્રાસથી ત્રાસેલી રેણુકા અંતે આત્મહત્યા કરે છે. એ બચી જાય છે તો પોલીસ આત્મહત્યાના ગુનામાં રેણુકાને જેલમાં નાખી દે છે. બીજી બાજુ, લિંગપ્પાં અને મોહન રેડ્ડી રેણુકાને મારી નાખવાની યોજના બનાવે છે. રેણુકાને એની જાણ થતાં પોતાને બચાવી લે છે. લેખિકા અહી દલિત સમાજના પુરુષ વર્ગની નહીં પણ દલિત સ્ત્રી જ્યારે આગળ આવે છે ત્યારે કેવી સ્થિતિનું નિર્માણ થાય છે.

બાબાસાહેબ આંબેડકરે ભારત માટે અનેક મહત્વ પૂર્ણ કર્યો કર્યા છે એમાંનું એક સ્વ-સમાજની પીડા, વ્યથા, વેદના ખૂબ નજીકથી જોઈ છે, અને ભોગવી છે. એની માહિતી ભારતીય પુસ્તકોમાં ઉપલ્બધ છે. પોતાનો સમાજ મનુવાદી વિચારધારાનો ભોગ બનેલ છે. એ દલિત સમાજને સન્માનીય સ્થિતિએ લાવવા બાબાસાહેબે કહ્યું કે: “શિક્ષિત થાઓ, સંઘઠીત થાઓ અને સ્વ-હક્ક માટે ઝઝૂમો.” અતિ ગરીબી અને ભૂખમરામાં જીવતી આ પ્રજાના ઉધ્ધાર માટેની બાબાસાહેબની વિચારધારા કેટલી મહત્વની છે એ દલિત સમાજ જ કહી શકે છે. દલિતોએ આંબેડકરની વિચારધારા સાથે ચાલવા લાગ્યા પરિણામે આજે અધિકારી અને અતિ મહત્વના હોદ્દા પર દલિત સમાજ ઊભો રહ્યો છે. એજ રીતે દલિત સ્ત્રીઓ લેખન કળામા પગરવ થયો છે અને એ પણ મજબૂતાઈથી પગ મૂક્યો છે. એની ખાતરી આ લેખિકાઓ કરાવી આપે છે.દલિત લેખિકાઓ બાબાસાહેબની વિચારધારાને આગળ વધારે છે.

હર્ષદ ત્રિવેદી ગુજરાતી દલિતસાહિત્યની ગતિવિધિ નામના લેખમાં નોંધ છે કે –સર્જક ભલે કોઈ પણ જ્ઞાતિ સમાજમાંથી આવતો હોય પરંતુ એણે રચેલા સાહિત્યમાંથી દલિત-ચેતના કે દલિત સાહિત્યનું સૌંદર્ય પ્રગટ થાય છે કે નહીં એ મહત્વનુ છે.(૬) શું આ રચનાઓને જોતાં અદલિત વિવેચકોએ કહેવું પડશે કે દલિત લેખિકાઓમાં પણ સર્જનની પ્રતિભા નથી.

## પાદટીપ

I. “હયાતી” સામાયિકે “ભારતીય દલિત નારી લેખન” વિશેષાંક માર્ચ 2012 પુષ્ટ.નં.૨૯૫
II. “પુષ્ટ.નં.૩૦૮
III. પચ્ચીસ ચોકા દોઢસો – સં. કાંતિ માલસતર પુષ્ટ નં. ૧૪૫
IV. “પુષ્ટ.નં.૩૦૫
V. “પુષ્ટ.નં.૩૦૫
VI. દલિત સાહિત્ય સં. હર્ષદ ત્રિવેદી સાહિત્ય અકાદમી આ. 2010. પુષ્ટ.નં . ૫

## સંદર્ભ સૂચિ


I. આધુનિકોત્તર સાહિત્ય સં.સુધા પંડયા ગુજ.સાહિત્ય અકાદમી, ગાંધીનગર. આ.2006 .
II. શુદ્રોની ખોજ લે. બી.આર.આંબેડકર અનુ. મૂલજીભાઇ વી. ખુમાણ આ.1995.
III. ગુજરાતનો સાંસ્કુતિક વારસો. લે. ર.ના. પંડ્યા, અનાડા પ્રકાશન, આ.1966.
IV. પ્રતિબધ્ધ લે. ભારત મહેતા રાવલ પબ્લિકેશન આ.2005.
V. દલિત સાહિત્ય સં. હર્ષદ ત્રિવેદી સાહિત્ય અકાદમી આ. 2010.
VI. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ. ભાગ-5,ધીરુભાઈ ઠાકર 2006.
VII. પચ્ચીસ ચોક્કા દોઢસો, (ભારતીય દલિત વાર્તા) સં.કાંતિ માલસતર ગુજ.દલિત સાહિત્ય અકાદમી આ.2011.
VIII. .ભારતીય સંસ્કૃતિ લે. ર.વ.દેસાઈ આર.આર.શેઠ પ્રકાશન આ.1993.


*************************************************************************


**ડો. રાજેન્દ્ર રોહિત**
આસિસ્ટન્ટ પ્રોફેસર
ડૉ. એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ
સિલવાસા


Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat